
# ગ્રામીણ ગાંધીનગર એક છત ચાર દિવાલ વચ્ચે જીવતી પરંપરા




## ગ્રામીણ ગુજરાત અને ગાંધીનગર એક તુલના

ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગાંધીનગરમાં નોંધાયેલા પરિવારોની ટકાવારી સેન્સસમાં ઓછી છે. પણ આ ટકાવારી એટલી બધી ઓછી કહેવાય એવી નથી. જેમકે ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં ૬૭ લાખ ૬૫,૪૦૩ પરિવારોની સંખ્યા નોંધાયેલી છે. જેની સામે ગાંધીનગરમાં ૧ લાખ ૬૦,૪૬૦ પરિવારો છે જે ટકાવારીની દૃષ્ટિએ ૨.૩૭ ટકા જેટલી છે.

સેન્સસમાં ઉપલબ્ધ વિવિધ આંકડાકીય માહિતીને ગ્રામીણ ક્ષેત્રના સંદર્ભમાં ચકાસીએ તો થોડી ઘણી ફેરફાર સ્થિતિ જોવા મળે છે ખરી જેમ કે ગ્રામીણ ગુજરાતના કુલ પરિવારો પૈકી ૨.૯૭ ટકા પરિવારો એવા છે કે આ પરિવારો પાસે રહેવા માટે મકાન છે પણ મકાનમાં રહેતા સભ્યો માટે કોઈ અલગ રૂમની વ્યવસ્થા નથી. ઘરના બધાજ સદસ્યો એક છત અને ચાર દિવાલની ભૌતિક સુવિધા ધરાવે છે. પણ તેમના માટે અલાયદા રૂમની સગવડ જ નથી. જ્યારે ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારની આ અંગે વાત કરીએ તો ગાંધીનગરમાં ૨૦૪૪ આ પ્રકારના પરિવારો છે. તેમની ટકાવારી ૧.૨૭ ટકા થાય છે. એ દર્શાવે છે કે ગુજરાતના ગ્રામીણ પરિવારોની સરખામણીએ ગાંધીનગરના ગ્રામીણ પરિવારોની સ્થિતિ થોડે અંશે સારી છે. ગાંધીનગરના ૧૮૭ પરિવારોમાં પરિવાર સદસ્ય એક જ વ્યક્તિ છે કે જેમની પાસે ફક્ત મકાન છે. અલગ રૂમ નથી. પરંતુ એકલ વ્યક્તિ હોઈ અલાયદા રૂમની આવશ્યકતા તેમના માટે જરૂરી નથી પરંતુ એ સિવાયના ૧૮૫૭ પરિવારોની સભ્ય સંખ્યા એકથી વધુ હોવા છતાં અલાયદા રૂમની વ્યવસ્થા જ ઘરમાં નથી. આ પૈકી ૩૭૦ પરિવારો એવા છે જેમની સભ્ય સંખ્યા પાંચ છે, ૪૯૩ પરિવારો એવા છે જેમની સભ્ય સંખ્યા ૬ થી ૮ સભ્યોની અને ૭૬ પરિવારો એવા છે જેમની સભ્ય સંખ્યા ૯ કે તેથી વધુ સભ્યોની છે. ભારતીય સમાજમાં પરંપરાનું વધુ પ્રચલન શહેરી સમાજ કરતાં ગ્રામીણ સમાજમાં વધારે હોય છે. ત્યારે સવાલ એવો થાય કે એક જ ઘર-છત અને ચાર દિવાલો વચ્ચે રહેતી પરણિત મહિલાઓની સ્થિતિ લાજ અને મર્યાદા સાચવવાની સામાજિક રૂઢિઓ વચ્ચે કેવી કપરી હશે !

ગાંધીનગરના ગ્રામીણ સેન્સસ વિસ્તારના અન્ય આંકડાઓ એમ દર્શાવે છે કે કુલ વસ્તીના ૧૮ ટકા પરિવારો ત્રણ ઓરડાની સગવડ ધરાવે છે. જ્યારે સૌથી વધુ પરિવારો ૪૫ ટકા પરિવારો બે રૂમ અને ૩૩ ટકા પરિવારો અલાયદા એક રૂમની સગવડ ધરાવે છે. એ રીતે જોતા મહત્તમ ગ્રામીણ પરિવારો (૭૮ ટકા) પરિવારો એક-કે-બે રૂમની અલાયદી સુવિધા ધરાવે છે. જે દર્શાવે છે કે આ પરિવારોએ સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબમાં વહેંચાયા છે. ગ્રામીણ ક્ષેત્રમાં જ્યારે મોટા કુટુંબમાંથી પરિવારો વિભક્ત કુટુંબ તરીકે છુટા થાય છે એમ સમજી શકાય છે. જો કે ગ્રામીણ ગુજરાતની દૃષ્ટિએ ગ્રામીણ ગાંધીનગરના ગ્રામીણ ગુજરાતમાં એક કે બે રૂમની અલગ સુવિધા ધરાવાતા પરિવારોની સંખ્યા પાંચ ટકા વધુ એટલે કે ૮૩ ટકા છે.



ગાંધીનગરના પનઘટનો ડંકો - ગાંધીનગર ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્ર પ્રાચીન ગરબામાં પ્રથમ સ્થાને અને અર્વાચીન ગરબામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિ ક્ષેત્રે રાજ્યમાં ગાંધીનગર હંમેશા અગ્રેસર રહે છે... જે આજે પણ પનઘટે મેળવેલ સફળતાથી પ્રતિપાદિત થયું છે... પરંપરાગત પ્રાચીન પરિવેશમાં અને અત્યંત આધુનિક પરિવેશમાં ગાંધીનગરની દીકરીઓએ મંચ ગજાવી દીધો હતો... પનઘટ કલા કેન્દ્રના પ્રમુખ અને જાણીતા કોરિયોગ્રાફર ભાવીન પટેલના નેતૃત્ત્વમાં શહેરની દીકરીઓ અનુપા પંડ્યા, હીર શુક્લા, નિતી ભટ્ટ, ઈશા ભટ્ટ, ભવ્યા ભટ્ટ, ભૂમા દવે, ધરતી કંદોઈ, દીવ્યા પંડ્યા, ફોરમ તન્ના, હિમાંશી ઓડેદરા, મોનીકા ભાટીયા, નૈસર્ગી જોષી, કેતા દેસાઈ, વૈદેહી પંડ્યા, ખુશ્બુ ભાવસાર, વિશ્વા રાઠોડ, નિધિ હુડાની અને પ્રેરણા ત્રિવેદીએ સુર-તાલ, ઠેસ , ચપટી અને તાળીના ગરબા રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા... ઉપસ્થિત મહેમાનો અને અન્ય કલાકારોએ પણ બંને ગરબાની ખુબ પ્રશંસા કરી હતી... કલાવૃંદની સાથે વાદ્યવૃંદમાં સર્વશ્રી રીસીન સરૈયા, દેવાંગ પંચાલ, આલાપ પરીખ અને પ્રવિણ સીંધાએ સંગીતમાં સહયોગ આપ્યો હતો...

# ગ્રામીણ વિસ્તારો અંકે કરવા અભેરાઈએ ચડેલી સ્માર્ટ વિલેજ યોજનાના માપદંડ નવેસરથી નિયત કરાયા

ગાંધીનગર, તા. ૭

સ્માર્ટ વિલેજ યોજના અમલી બને તે પહેલાં જ પસંદગીના ધોરણોમાં ફેરફાર કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

૨૦૧૬માં તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા સ્માર્ટ વિલેજની યોજના ગામડાઓ તુટતા બચાવવા માટે જાહેર કરાઈ હતી. આ પછી યોજના એક યા જુદા જુદા બ્હાનાઓ હેઠળ અભેરાઈએ ચડી ગઈ હતી.

ગ્રામીણ વિસ્તારોના લોકોના મન જીતવા માટે તાજેતરમાં સરકારે મૃતઃ યોજનાને પુનઃ જીવિત કરી અને હવે તેના પસંદગી અંગેના માપદંડમાં ફેરફાર કરવાનો નિર્ણય કરી દરેક જિલ્લાઓને નવા માપદંડ મુજબ દરખાસ્તો મોકલવાની સુચના આપવામાં આવી છે.

રાજ્યના પંચાયત વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્યસ્તરની પસંદગી સમિતિની ત્રીજી બેઠક દરમ્યાન આ આખીય વાતને નવેસરથી રજુ કરવામાં આવે તેવા મુખ્યમંત્રીના નિર્દેશ પછી રાજ્યનું વહીવટીતંત્ર હરકતમાં આવ્યુ હતુ.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે મુખ્ય સચિવશ્રીએ આ પછી તાત્કાલિક જિલ્લા વિકાસ અધિકારીઓની બેઠક પણ ઓગષ્ટ-

### આનંદીબેનના શાસનમાં બહુ ગાજેલી આ યોજના માટે ૧૯ લક્ષ્યાંકો ફરજીયાત કરાયા

૨૦૧૮માં બોલાવી હતી.

આ બેઠકમાં રજુ થયેલા સૂચનો પછી ૫ થી ૬ જિલ્લા વિકાસ અધિકારીઓને ખાસ સૂચના સાથે સૂચનો શોર્ટલીસ્ટ કરી મુકવા જણાવ્યુ હતુ. ત્યારબાદ ૧૯ જેટલા ફરજીયાત લક્ષ્યાંકો નિયત કરવામાં આવ્યા હતા.

જે લક્ષ્યાંકો આ સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી માટે યોગ્ય બનાવશે. જેમાં ૧૦૦ ટકા રસીકરણ, ગામનુ કોઈપણ બાળક કુપોષિત ન હોવુ જોઈએ, ૧૦૦ ટકા જન્મ-મરણ નોંધણી, સગર્ભા માતાઓનું ૧૦૦ ટકા રસીકરણ, ધો. ૮ સુધી ગામમાં ૧૦૦ ટકા નામાંકન, ઓપન ડેફીનેશન ફ્રી વિલેજ, મિશન વિદ્યામાં ૭૫ ટકાથી વધુ પરિણામ, ફરજીયાત ડોર ટુ ડોર કલેક્શન, ગામતળના તમામ ઘરોમાં નળ કનેક્શન, ૭૫ ટકા વેરાવસુલાત જેવા લક્ષ્યાંકો નિયત કરાયા છે.

આ ઉપરાંત વર્ષમાં ત્રણ વાર ગ્રામસભા, ગામના તમામ પુખ્તવયના જનધન યોજનામાં ખાતા ખોલવા અને તે ખાતાઓનો ઉપયોગ કરાવવો, ગ્રામ પંચાયતનું રેકર્ડ અદ્યતન કરાવવુ, મુખ્ય રસ્તાઓ અને તળાવોની પાળો ઉપર વનીકરણ, ગામના તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ યોજનામાં આવરી લેવા, ગામના જાહેર સ્થળે હયાત લાઈટને બદલે એલઈડી લાઈટ જેવા માપદંડ પણ રાખવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# અંબાજી નિજમંદિરથી પ્રજવલિત દિવ્ય જ્યોતના ઉજાસ વચ્ચે

# કલ્ચરલ ફોરમના નવરાત મહોત્સવમાં દિવ્ય ગબ્બર સાથે અરવલ્લીની ભવ્ય ગિરીમાળા

**૭૧ ફુટ ઉંચા ગબ્બર પર્વતનુ સ્ટેજ : ૨૦૦ ફુટ લાંબી અને ૧૫ ફુટ ઉંચી ગિરીમાળા : ૬ હજાર ખૈલૈયાઓ ગરબે ઘુમી શકે તેવો ગબ્બર ચોક : ૧૫ હજાર ગરબા પ્રેમીઓ માટે બેસવાની વ્યવસ્થા**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ૨૪ માં નવરાત મહોત્સવ ૨૦૧૮ની ઉજવણીમાં ભાવિકોને અનોખો દિવ્ય અને ભવ્ય માહોલ જોવા મળશે. સે-૮ સમર્પણ મેદાનમાં અરવલ્લીની ૨૦૦ ફુટ લાંબી અને ૧૫ ફુટ ઉંચી ગિરીમાળા તેમજ ૭૧ ફુટ ઉંચા માતાજીના ગબ્બરની પ્રતિકૃતિનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. અંબાજી નિજમંદિરથી સ્થાપિત કરવામાં આવેલી પ્રજવલિત દિવ્ય જયોત સાથે માંઈભક્તોને ગબ્બર પર્વતના દર્શન સાથે ભવ્ય ગબ્બર ચોકમાં ગરબે ઘુમવા મળશે.

નવદુર્ગાની નવરાતની ઉજવણી ગાંધીનગરમાં વિશિષ્ટ રીતે થાય છે. ગરબા મહોત્સવએ ગાંધીનગરની ઓળખ બન્યા છે. જેમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમનુ વિશેષ યોગદાન છે. કલ્ચરલ ફોરમ દ્વારા સતત ૨૪ માં વર્ષે નવરાત મહોત્સવ ૨૦૧૮નુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે કલ્ચરલ ફોરમના ગરબા મેદાનનુ સ્થાન પણ આ વર્ષે બદલાયુ છે. સે-૮ ના વિશાળ સમર્પણ મેદાનમાં ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ વિશાળ ગરબા મેદાનમાં ૭૧ ફુટ ઉંચા ગબ્બરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જેની ઉપર માં આદ્યશકિતનો ગોખ બનાવાયો છે. કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં મુખ્ય પ્રવેશદ્વાર પાસે ૪૦ હજાર ચો ફુટનો નયનરમ્ય એન્ટરન્સ પ્લાઝા પણ આકર્ષણ જમાવશે. જયારે પ્રવેશદ્વારથી બન્ને તરફ અરવલ્લીની ગિરીમાળામાંથી યાત્રીઓ પસાર થઈ રહ્યા હોય તેવી પ્રતિકૃતિનુ નિર્માણ કરાયુ છે. બન્ને તરફ ૨૦૦ ફુટ લાંબી અને ૧૦ થી ૧૫ ફુટ ઉંચી ગિરીમાળા તૈયાર કરાઈ છે. જયારે આદ્યશકિતના આ નવરાત પર્વની ઉજવણીને ભવ્ય અને દિવ્ય બનાવવા જય અંબે પરિવાર દ્વારા પવિત્ર અંબાજી નિજમંદિરમાંથી પ્રજજવલિત દિવ્ય અખંડ જયોતમાંથી એક જયોત પણ કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં સ્થાપિત કરવામાં આવશે. આ જયોતના દર્શનનો લાભ પણ ભાવિકોને મળશે.

જયારે ખૈલૈયાઓને ગરબે ઘુમવા માટે ગબ્બર ચોક તૈયાર કરાયો છે. જેમાં ૬ હજાર જેટલા ખૈલૈયાઓ ગરબે રમી શકે તે મુજબનુ આયોજન કરાયુ છે. સે-૮ માં સ્થિત આ ૬૦ હજાર ચોરસ ફુટના વિસ્તારમાં ડસ્ટ ફ્રી મેદાન તૈયાર કરાયુ છે.

આ ઉપરાંત ૫ લાખ ચોરસ ફુટના વિસ્તારમાં ગરબા પ્રેમીઓ બેસીને ગરબા નિહાળી શકે તે માટે પણ વિશાળ જગ્યા ઉપલબ્ધ છે. ૧૫ હજારથી વધુ ગરબારસિકો બેસીને ગરબા જોઈ શકે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે પ્રથમવાર ખૈલૈયાઓના ગરબા મેદાન અને પ્રેક્ષકોની વચ્ચે ૫ ફુટ પહોળો અને બેઠક બાદ ૨૫ ફુટ પહોળો રીંગ રોડ જેવો પેસેજ પણ તૈયાર કરવામાં આવ્યો છે જેના લીધે સલામતીની દ્રષ્ટીએ પણ આ નવતર આયોજન વિશેષ બની રહેશે. આ ઉપરાંત પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા પણ ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી મહેન્દ્ર ગજ્જર, જોઈન્ટ સેક્રેટરી હિરેન ભટ્ટ અને જોઈન્ટ ટ્રેઝરર ડૉ. પિયુષ દવે ઉપસ્થિત રહ્યા હતા. શહેરના પત્રકારોએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પૂરક માહિતી મેળવી હતી.

## ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો અભિગમ

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવ અંતર્ગત પુ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિને અનુલક્ષી નવરાત મહાત્સવને સ્વચ્છતા સાથે જોડવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે. નવરાત્રીના પ્રચાર સાહીત્યમાં પણ ગાંધી ૧૫૦ ના લોગોને સ્થાન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત ગરબા મેદાનમાં સ્વચ્છતા જળવાય તે માટે સ્વચ્છતા ત્યાં પ્રભુતાનુ સુત્ર અપનાવાયુ છે. સ્વચ્છતાના મામલે પુરતી કાળજી રાખવામાં આવશે. નગરની માઉન્ટ કાર્મેલ શાળાના પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટને પ્રોત્સાહીત કરવા ગરબા મેદાનમાં પ્લાસ્ટીક વેસ્ટના એકત્રિકરણ માટે પણ વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. એકત્રિત પ્લાસ્ટીકને દરરોજ રી સાઈકલીંગ માટે મોકલવામાં આવશે.

## ગ્રામીણ હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહીત કરવા પણ ૫૦ સ્ટોલ

કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવ અન્વયે અનેક આકર્ષણો વચ્ચે ખાણીપીણીના વિવિધ સ્ટોલ્સ ઉપરાંત આ વર્ષે ગ્રામીણ હસ્તકળાના કારીગરોને પ્રોત્સાહીત કરવા માટે પણ વિશેષ આયોજન કરાયુ છે. જેને અનુલક્ષી ગરબા મેદાનમાં ગ્રામહાટનુ નિર્માણ કરાયુ છે. એન્ટરન્સ પ્લાઝામાં હસ્તકળાના કારીગરોના ૫૦ જેટલા સ્ટોલ્સ પણ ઉભા કરાશે. જયારે ગ્રામીણ કલાકારોની હસ્તકલાની ચીજવસ્તુઓ પણ ખરીદવાનો લ્હવો પણ ગરબા પ્રેમીઓને મળશે.

# જમીનના વિવાદમાં હત્યાના કેસમાં આજીવન કેદની સજા

**દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડા ગામમાં ત્રણ વર્ષ અગાઉ જમીનના ઝઘડામાં એકનો ભોગ લેવાયો હતો**

ગાંધીનગર તા ૭

જમીનના વિવાદમાં પિતરાઈ ભાઈની હત્યા કરવાના કેસમાં ગાંધીનગર કાર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યા છે. દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડના ગામમાં ત્રણ વર્ષ અગાઉ બનેલી ઘટનાના મામલે કોર્ટે આરોપીને આજીવન કેદની સજા માટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ૨૩ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૫ ના રોજ સવારે ૯ કલાકે દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડાની સીમમાં આ કેસના ફરિયાદી શાંતાબેન ધનસિંહ અને સંગીતાબેન તમાકુના ખેતરમાં હતા. આ દરમિયાન શાંતાબેનનો પુત્ર રમેશસિંહ ધનસિંહ ઝાલા પાણી વાળવા માટે કામ કરતો હતો. જયારે આ દરમિયાન આરોપી વિરેન્દ્રસિંહ દાનસિંહે મરણ જનારા રમેશસિંહ ધનસિંહ ઝાલા સાથે ઝઘડો કર્યો હતો. જયારે અન્ય આરોપી હીરસિંહ તખતસિંહ, દલપતસિંહ હાલુસિંહ, નટવરસિંહ હાલુસિંહ, દિલીપસિંહ મથુરસિંહ સહીતના આરોપીએ ભેગા મળી રમેશસિંહને માર મારી ઈજા પહોંચાડી હતી. જયારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયુ હતુ. જયારે આ મામલે પાંચેય આરોપીઓ વિરુધ્ધ રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની ત્રીજા એડીશ્નલ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં જમીનના વિવાદમાં ફરિયાદીના એકમાત્ર દિકરાનુ કુરતાપુર્વક ખુન કરવામાં આવ્યુ હોવાથી આરોપીના જઘન્ય કૃત્ય બદલ સમાજમાં દાખલો બેસે તેવી સખત સજા કરવા માટે પણ કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ. ડોકટર અને તપાસ કરનારની જુબાની તેમજ ઈજા પામનારની જુબાની અને તપાસેલા સાહેદો અને સરકારી વકીલની દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ જજ સાંરગાબેન વ્યાસે આરોપી હીરસિંહ તખતસિંહ ઝાલાને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત રૂ ૫ હજારનો દંડ ભોગવવા પણ કોર્ટે આદેશ કર્યો છે. જયારે અન્ય આરોપી દલપતસિંહ હાલુસિંહ ઝાલા દિલીપસિંહ, નટવરસિંહ ઝાલાને એક વર્ષની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# આગામી ૨૨મીથી મિશન ઈન્દ્રધનુષ રસીકરણ અભિયાન

ગાંધીનગર, તા. ૭

આગામી ૨૨મી ઓક્ટો.થી મિશન ઈન્દ્રધનુષ રસીકરણ અભિયાનનો નવો તબક્કો શરૂ થશે.

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય તરફથી નિર્દેશો મળ્યા પછી રાજ્ય સરકારે પણ ૨૨ ઓક્ટો., ૨૨ નવે. અને ૨૨ ડિસેમ્બર એમ ત્રણ રાઉન્ડ મિશન ઈન્દ્રધનુષના યોજવાનો નિર્ણય કરેલ છે.

### ૧૧ ઓક્ટો.થી આ માટેનો સર્વે હાથ ધરાશે : ટાસ્કફોર્સ રચાશે

રસીકરણ અભિયાન દરમ્યાન છુટી ગયેલા બાળકોને આ મિશન ઈન્દ્રધનુષમાં આવરી લેવામાં આવશે. આ અગાઉ યોજાયેલ મિશન ઈન્દ્રધનુષ દરમ્યાન રાજ્યમાં ૯૦ ટકા જેટલુ કવરેજ મળ્યુ હતુ જે નોંધનીય છે.

આરોગ્ય કમિશ્નરેટના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રસીકરણ અભિયાન દરમ્યાન છુટી ગયેલા બાળકો અંગે ૧૧મી ઓક્ટો.થી સર્વે હાથ ધરવામાં આવશે. ૧૭મી સુધીમાં આ સર્વે સંપન્ન કરી તેનુ માઈક્રો પ્લાનીંગ કરવાનુ રહેશે.

આ માટે જિલ્લાકક્ષાએ કલેકટરના અધ્યક્ષપદે ટાસ્કફોર્સની રચના કરી આયોજનને આખરી ઓપ આપવાનો રહેશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ મિશન ઈન્દ્રધનુષમાં સગર્ભા મહિલાઓ અંગે પણ તંત્રએ ખાસ ધ્યાન આપવા માટે સૂચવવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાન બાદ આ બીજુ અભિયાન રસીકરણનુ આરોગ્યતંત્ર દ્વારા હાથ ધરવા માટેની કવાયત હાથ ધરી દેવામાં આવી છે.

હાર્દિક અભિનંદન



ડૉ.સંજય સી.પટેલ
M.A.(SS),M.P.ED.,MA (Edu), M.Phil.(Edu),Ph.D.(Edu)
રાષ્ટ્રભાષા રત્ન, સાહિત રત્નાકર, હિન્દી શિક્ષણ પારંગત
મો : ૯૪૨૬૦૩૬૬૮૩

ગામ- સરઢવ, જિ.ગાંધીનગરના મૂળ વતની, ખોખવડા પાટીના લાખભા પરિવારના વંશજ અને હાલ-પ્રાંતિજ નિવાસી શ્રી સી.કે.પટેલના દિકરા સંજયકુમાર ચંદુલાલ પટેલ અધ્યાપક એકસપેરિમેન્ટલ કોલેજ ઓફ એજ્યુકેશન, પ્રાંતિજએ પેસિફિક યુનિવર્સિટીથી "એજ્યુકેશન" વિષયમાં પી.એચ.ડીની પદવી પ્રાપ્ત કરતા સગા-સબંધીઓ-સ્નેહીજનો-મિત્રો, કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ આનંદની લાગણી સહ હાર્દિક અભિનંદન પાઠવે છે.

:: શુભેચ્છક ::
સ્વ.શ્રીમતિ સમુબેન સી.કે.પટેલનું કુટુંબ અને એકસપેરિમેન્ટલ સ્કૂલ-કોલેજનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com